તારીખ : 02-10-2021

# ધોરણ 8 સામાજિક વિજ્ઞાન
## ch 7
## 8th s.s

સમય : 0 મિનિટ

કુલ ગુણ : 27

*** આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.** [4]

1. જલપા તેના તામિલનાડું ના પ્રવાસ દરમિયાન નીચેનામાંથી કઈ ગુફાઓની મુલાકાતે જશે?

(A) સિત્તાનાવસલની ગુફાઓ (B) બાદામીની ગુફાઓ (C) અજંતાની ગુફાઓ (D) ભીમબેટકાની ગુફાઓ

**જવાબ :** (A) સિત્તાનાવસલની ગુફાઓ

2. જૈન શૈલીના ચિત્રો જોવા માટે તમે નીચેનામાંથી કયો ગ્રંથ ઉપયોગમાં લેશો?

(A) અભિધમ્મ પિટ્રક (B) સુત્તિપિટ્રક (C) અંગુત્તરનિકાય (D) કથાસરિત સાગર

**જવાબ :** (D) કથાસરિત સાગર

3. ચિત્ર પ્રદર્શન દરમિયાન ગુજરાતના ચિત્રકારનું ચિત્ર જોઈ હેતાંશે તે ખરીદી લીધું. તેણે ક્યા ચિત્રકારનું ખરીદ્યું હશે?

(A) અવનાવે ગોર (B) પીરાજી સાગરા (C) જેમિની રાય (D) અંજલી મેનન

**જવાબ :** (B) પીરાજી સાગરા

4. એક ચિત્ર જોઈને તમે મુંઝવણમાં મૂકાઈ જાવ છો. તે ચિત્ર જોઈ નક્કી નથી કરી શકતા કે તે રાજપૂત શૈલીનું છે કે કાંગડાશેલી તેચિત્રનો વિષય કયો હશે?

(A) રાજસ્થાની લોકનૃત્ય (B) હિમાલયનું કુદરતી સૌંદર્ય (C) કૃષ્ણભક્તિ (D) યુદ્ધના દશ્યો

**જવાબ :** (B) હિમાલયનું કુદરતી સૌંદર્ય

*** જોડકા જોડો.(દરેકનો 1 ગુણ)** [3]

5. યોગ્ય જોડકા જોડો:

| | | |
|---|---|---|
| 1 | જહાંગીર | (A) બુંદી, કિશનગઢ, બિકાનેરમાં શૈલીનો વિકાસ |
| 2 | પાલ શૈલી | (B) મદ્રાસ સ્કૂલ ઑફ આર્ટ સ્થાપના |
| 3 | મુઘલ શૈલી | (C) ચિત્રકલાના ભીષ્મ પિતામહ |
| 4 | દેવીપ્રસાદ ચૌધરી | (D) જાતક કથાઓ અને બોધિસત્ત્વના ચિત્રો |
| 5 | રવીન્દ્રનાથ ટાગોર | (E) પશુપંખીઓ અને પ્રાણીઓની સાઠમારીના ચિત્રો |

**જવાબ :** (1-F, 2-D, 3-E, 4-B, 5-C)

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** [5]

6. વડોદરામાં કલાભવનની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી?

**જવાબ :** વડોદરામાં મહારાજા સયાજીરાવ દ્વારા 'કલાભવન' ની સ્થાપના કરવામાં આવી હતી.

7. પાલ ચિત્ર શૈલીનો વિસ્તાર કયાં - કયાં થયો હતો?

**જવાબ :** પાલ ચિત્ર શૈલીનો વિસ્તાર બંગાળ, બિહાર, નેપાળ અને તિબેટનાવિસ્તારોમાં થયો હતો.

8. ચિત્રકલાને પ્રોત્સાહન આપનાર મુઘલ રાજવીઓમાં કોનો-કોનો સમાવેશ થાય છે?

**જવાબ :** ચિત્રકલાને પ્રોત્સાહન આપવામાં બાબર, હુમાયુ, અકબર અને જહાંગીરનો સમાવેશ થાય છે.

9. ચિત્રકલાનો પ્રસાર કરવા અવનીન્દ્રનાથે કઈ સંસ્થા સ્થાપી?

**જવાબ :** ચિત્રકલાનો પ્રસાર કરવા અવનીન્દ્રનાથે "બંગાળ સ્કૂલ ઓફ આર્ટ" નામની સંસ્થા સ્થાપી.

10. ગુજરાતમાં કઈ શૈલીના ચિત્રો વિશેષ મળી આવ્યા છે?

**જવાબ :** ગુજરાતમાં "જૈન શૈલી"ના ચિત્રો વિશેષ મળી આવ્યા છે.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** [15]

11. ટૂંકનોંધ લખો :રાજા રવિવર્મા :

**જવાબ :**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- રાજા રવિવર્માનો જન્મ કેરાલા રાજયના કિલિમનુરના રાજવી પરીવારમાં થયો હતો.
- રવિવર્માએ શ્રી રામાસ્વામી નાયડુ, થિયોડોર જેન્સન અને યુરોપિય મહેમાન ચિત્રકારો પાસેથી કલાનું શિક્ષણ અને માર્ગદર્શન મેળવી ચિત્રની આગવી શૈલી વિકસાવી.રવિવર્મા વાસ્તવિક વ્યકિત ચિત્રો તૈયાર કરતાં હતાં.
- તેમના ચિત્રોમાં ભાવને બદલે ટેકનિકને વધુ મહત્વ અપાતું હોવાનું પ્રદર્શિત થાય છે.
- પૌરાણિક ધર્મગ્રંથો અને સંસ્કૃત સાહિત્યમાં આલેખાતા પ્રસંગો અને પાત્રોને કેન્દ્રમાં રાખી તૈલચિત્રો તૈયાર કર્યા હતાં.
- રવિવર્માના ચિત્રોમાં વિરાટનો દરબાર, ગંગા અવતરણ, ઉર્વશી, શકુંલતા, પોટ્રેટ ઓફ લેડી વગેરે મુખ્ય છે.
- ઈ.સ. 1894માં મુંબઈ ઘાટકોપરમાં લિથોગ્રાફી પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કરી તેમાં હિંદુ દેવી – દેવતાઓનાં ચિત્રો ઓછી કિંમતે છાપી બહાર પાડ્યા.
- વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને ભાવનગરના રાજવીકુંટુંબના અને કેટલાક પૌરાણિક ચિત્રો દોર્યા હતાં.
- રાજા રવિવર્માના ચિત્રો ત્રિવેન્દ્રમના સંગ્રહાલયમાં, વડોદરાની ફતેસિંહ રાવ આર્ટ ગેલેરીમાં અને ભાવનગરના દરબારમાં સચવાયેલા છે.
- ભારતમાં કલાના રાજા અને દેશી અમૂલ્ય ધરોહર સમા રાજા રવિવર્માને બ્રિટિશ સરકારે "કેસરે હિંદ" નો ખિતાબ આપી સમ્માનીત કર્યા હતાં.

12. ટૂંકનોંધ લખો : રાજપૂત શૈલી :

**જવાબ :**

- રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં રાજપૂત રાજાઓના આશ્રય નીચે 10મી થી 16મી સદી દરમિયાન આ શૈલીની પ્રસિદ્ધિ થઈ હતી.
- તેમાં લઘુચિત્રો અને ભીંતચિત્રોનો સમાવેશ થાય છે. રાજાઓ પરંપરાગત ચિત્રકારોને આશ્રય આપતા હોવાથી રાજપૂત રાજાઓનું જીવન તેમના રીતરિવાજો અને પહેરવેશ ઉત્સવો એ રાજપૂત ચિત્રશૈલીના કેન્દ્રમાં રહ્યાં છે.
- રાધાકૃષ્ણ, કૃષ્ણભક્તિ, રાસલીલા અને રાજસ્થાની લોકજીવન તેના કેન્દ્રમાં રહ્યાં છે.
- રાજસ્થાનના બુંદી કિશનગઢ, બિકાનેર અને જોધપુરમાં પણ આ શૈલીનો વિકાસ થયો હોવાથી તે રાજસ્થાન શૌલી તરીકે પણ ઓળખાય છે.

13. ટૂંકનોંધ લખો :- કાંગડા શૈલી :

**જવાબ :**

- કાંગડા શૈલી પણ ભારતીય ચિત્રશૈલીનું એક આગવું પાસું છે.
- હિમાલયના પહાડી પ્રદેશોમાં રાજસ્થાન અને મોગલ ચિત્રકારોએ મળીને આ શૈલી વિકસાવી હતી.
- કાંગરા, કુલ, ગઢવાલ, ચંબા અને મંડી તેના મુખ્ય કેન્દ્રો હતા.
- મોલારામ આ શૈલીનો મહાન ચિત્રકાર હતો.
- આ શૈલીના મુખ્ય વિષયમાં ભગવાન શ્રી કૃષ્ણ અને કૃષ્ણભક્તિ ઉપરાંત હિમાલયનું સૌંદર્ય પણ જોવા મળે છે.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in